NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬ ૪૫૦

વંચાણે :– (૧) સરકારશ્રીના નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંક નં.ખરચ–૧૦૨૦૧૦–૧૧૮–ઝ૧, તા.૦૬.૦૬.૨૦૨૦
(૨) સરકારશ્રીના નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંક નં.ખરચ–૧૦૨૦૧૦–૧૧૮–ઝએ, તા.૦૪.૦૯.૨૦૨૦

**ખાસ અગત્યનું**

## –:: પરિપત્ર ::–

**વિષય:–** નોવેલ કોરોના વાયરસ (COVID-19)ના કારણે ઉભી થયેલ પરિસ્થિતિ નિવારવા કરકસરની સૂચનાઓમાં સુધારો થવા બાબત...

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ કચેરી વડાશ્રીઓને જણાવવાનું કે, ઉકત વંચાણે લીધેલ ક્રમ – ૧ થી સરકારશ્રીના ઠરાવથી નોવેલ કોરોના વાયરસના કારણે ઉભી થયેલ પરિસ્થિતિ નિવારવા **સરકારી ખર્ચમાં કરકસર** કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધા ક્રમ–૨ માં સુધારો કરવામાં આવતા તે મુજબ યુનિવર્સિટીમાં અમલ કરવા જણાવવામાં આવે છે. સુધારેલ ઠરાવની નકલ સામેલ છે.

જા. નં. નકૃયુ/કોમ્પ્ટ/વહટ/3980-82/૨૦
નવસારી. તા. ૦૯ / ૦૯ / ૨૦૨૦

**હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી**

**નકલ જય ભારત સાથ રવાના:–**

(૧) આ યુનિવર્સિટીની તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ અમલ થવા સારૂ.
(૨) વહીવટી–વ–હિસાબી અધિકારી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ અમલ થવા સારૂ.
(૩) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.

**નોવેલ કોરોના વાઇરસ (COVID-19)ના કારણે ઊભી થયેલ પરિસ્થિતિ નિવારવા કરકસરની બહાર પાડવામાં આવેલ સૂચનાઓમાં સુધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર
નાણાં વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧
સચિવાલય, ગાંધીનગર
તા: ૦૪/૦૯/૨૦૨૦

વંચાણે લીધા : નાણાં વિભાગનો તા:૦૬/૦૬/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક : ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧.

આમુખ :-

નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના કારણે ઊભી થયેલ અતિ ગંભીર પરિસ્થિતિ અને વાયરસને નિયંત્રણમાં લાવવાના હેતુસર જાહેર કરવામાં આવેલ પ્રતિબંધોના કારણે રાજ્યની આવકમાં ભારે ઘટાડો થવાનું અનુમાન જણાતા ગુજરાત સરકાર દ્વારા નોવેલ કોરોના વાયરસ (COVID-19) મહામારી પછીના સમયમાં આર્થિક પુનરુત્થાન ( ઇકોનોમિક રીવાઇવલ) માટે ગઠિત કરવામાં આવેલ અઢીયા સમિતિએ આપેલ વચગાળાના અહેવાલની ભલામણો અનુસાર સરકારી ખર્ચમાં કરકસર કરવા વંચાણે લીધા તા:૦૬/૦૬/૨૦૨૦નાં ઠરાવથી જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી.

અઢીયા સમિતિની ભલામણો અન્વયે રાજ્ય સરકારના વિભાગો દ્વારા સ્વેચ્છાએ બચત દર્શાવેલ હોઈ તેમજ ગુજરાત રાજ્યના આઈ.ટી.ને લગતા વિવિધ પ્રોજેક્ટસ તથા અન્ય અગત્યના પ્રોજેક્ટસને વંચાણે લીધા તા:૦૬/૦૬/૨૦૨૦નાં ઠરાવથી મૂકવામાં આવેલ પ્રતિબંધને કારણે ગંભીર અસર ન થાય તે માટે વંચાણે લીધા તા:૦૬/૦૬/૨૦૨૦નાં ઠરાવમાં સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

// સુધારા ઠરાવ //

આમુખમાં જણાવ્યા મુજબની પરિસ્થિતિ ધ્યાને લઈને સરકારી ખર્ચમાં કરકસર કરવા અંગેના વંચાણે લીધા તા:૦૬/૦૬/૨૦૨૦નાં ઠરાવનાં પેરા-(૨)-(૧)થી અપાયેલ સૂચનામાં નીચેના કોઠાનાં કોલમ નં.(૩) મુજબનો સુધારો આથી બહાર પાડવામાં આવે છે.

| ક્રમ | નાણા વિભાગનાં તા:૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ના પેરા-(૨)-(૧)થી અપાયેલ સૂચના | નાણા વિભાગનાં તા:૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ના પેરા-(૨)-(૧)થી અપાયેલ સૂચનામાં કરવામાં આવેલ સુધારો |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | " (૧) ઇલેક્ટ્રોનિક્સ સાધનો જેવાં કે કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઝેરોક્ષ મશીન, એરકંડીશનર મશીન તથા તે સિવાયની અન્ય મશીનરીની ખરીદી તથા IT(આઈ.ટી.) સંલગ્ન પ્રોજેક્ટ ઉપર તારીખ:૩૧-૦૩-૨૦૨૧ સુધી પ્રતિબંધ મુકવામાં આવે છે." | "(૧) ઇલેક્ટ્રોનિક્સ સાધનો જેવાં કે ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ, પ્રિન્ટર, મલ્ટી ફંક્શનલ પ્રિન્ટર, ઝેરોક્ષ મશીન, સ્કેનર, એરકંડીશનર મશીનની ખરીદી ઉપર તારીખ:૩૧-૦૩-૨૦૨૧ સુધી પ્રતિબંધ મુકવામાં આવે છે." |

ઉપરોક્ત કોઠાનાં કોલમ નં.(૩) મુજબનાં કરવામાં આવેલ સુધારા અન્વયેના સાધનો ખરીદવાની અગત્યતા જણાય તો સંબંધિત વિભાગે નાણાં વિભાગ મારફતે માન.મુખ્યમંત્રીશ્રીની મંજુરી મેળવી લેવાની રહેશે.

વંચાણે લીધા તા:૦૬/૦૬/૨૦૨૦નાં ઠરાવની બાકીની સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જે.બી.પટેલ)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- લોકાયુક્તશ્રી, લોકાયુક્તશ્રીની કચેરી, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.